કાંપની મોજણી માટેની સામયિકતા નિયત
કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/૯૨૩/એમ.આઇ.સેલ/ક-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૦/૦૮/૨૦૨૦

**આમુખ:**

રાજયમાં આવેલા મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓના જળાશયોમાં ચોમાસા દરમિયાન પાણી આવરાની સાથે આવતો કાંપ પણ જમા થાય છે. દર વર્ષે જમા થતાં કાંપને કારણે યોજનાના આલેખન સમયે નિયત કરવામાં આવતી જળાશયની જળસંગ્રહ ક્ષમતામાં ઉત્તરોત્તર ઘટાડો થાય છે. પરીણામે જળાશયમાં નિયત કરેલ ક્ષમતા મુજબ પાણીનો સંગ્રહ થતો નથી. છેવટે યોજનાના આયુષ્યકાળ દરમિયાન જરૂરીયાત મુજબ પાણીનો જથ્થો ઉપલબ્ધ થતો નથી. રાજયના જળાશયોમાં સેડીમેન્ટેશન સર્વે કરવાની બાબતે સબંધિત માનાંક : ૧૨૧૮૨, ૧૯૮૭ માં જળાશયની કાર્યક્ષમતા અંદાજવા માટે દર દસ વર્ષે સેડીમેન્ટેશન સર્વે કરવાની બાબત સૂચવેલ છે.

ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકશ્રીનાં આર્થિક ક્ષેત્ર પરના અહેવાલમાં કાંપની મોજણી કરવા અંગેની સામયિકતા નિયત કરવા માટે ભલામણ કરેલ છે. જેને ધ્યાને લઈને વિભાગ હેઠળના મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાના જળાશયોમાંથી કાંપની મોજણી અંગેની સામાયિકતા નક્કી કરવાની બાબત સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાજયની મોટી અને મધ્યમ સિંચાઇ યોજનામાં કાંપની મોજણી દર દસ વર્ષના અંતે કરવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં, જે જળાશયોમાં મોજણી મુજબ સરેરાશ વાર્ષિક કાંપનો જથ્થો અને જળાશયની પૂર્ણ ક્ષમતા (Gross Capacity) નો ગુણોત્તર ૦.૫% કરતા વધુ જણાય તો, પ્રાધાન્ય આપી કાંપ નિકાલનું સત્વરે આયોજન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એસ.બી. પ્રજાપતિ)**
ખાસ ફરજ પરનાં અધિકારી (સિં.યો)
ન. જ. પા. પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧) માન. મુખ્યમંત્રીશ્રી (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
૨) સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ, સચિવાલય
૩) ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ, સચિવાલય
૪) સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ, સચિવાલય

૫) નાણાકીય સલાહકારશ્રી (જ.સં), સચિવાલય, ગાંધીનગર.
૬) સર્વે અધિક્ષક ઇજનેરશ્રી, ન.જ.સ.પા.પુ. અને ક વિભાગ
૭) નાયબ સચિવશ્રી, (તપાસ), સચિવાલય, ગાંધીનગર.
૮) સર્વે ઉપસચિવશ્રી (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર.
૯) સર્વે પ્રોજેક્ટ શાખા (ક-૨, ક-૩, જ, પી) સચિવાલય, ગાંધીનગર.
૧૦) સિલેક્ટ ફાઇલ.